# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનેવાલ અને મનસુખ માંડવિયાએ લોથલ ખાતે નિર્માણાધીન દેશના પ્રથમ નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સની કાર્યપ્રગતિની સમીક્ષા કરી
2. આવતીકાલે પ્રધાનમંત્રી આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે
3. રાઇટ ટુ સીએમઓ' સ્વર પ્લેટફોર્મ થકી નાગરિકો હવે સરકારની વેબસાઇટ પર બોલીને પોતાની અરજી કે ફરિયાદ નોંધાવી શકશે
4. અદાલતે BZ કૌભાંડના આરોપી ભૂપેન્દ્ર ઝાલાના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા
5. કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલયે  કેબ ઓપરેટરો દ્વારા એન્ડ્રોઇડ અને એપલ ઉપકરણો ઉપર એક જ રૂટ ઉપર અલગ અલગ ભાડુ લેવાના થયેલા આક્ષેપોની તપાસના નિર્દેશ આપ્યા

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOTHAL NMHC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોથલ ખાતે નિર્માણાધીન દેશના પ્રથમ નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ, NMHCની કાર્યપ્રગતિની સમીક્ષા કરી હતી..

કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલ અને મનસુખ માંડવિયાએ નિર્માણના પ્રથમ તબક્કા હેઠળ ચાલી રહેલી કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રી અને બંને કેન્દ્રીય  મંત્રીઓએ INS નિશાંક, લોથલ જેટ્ટી વોકવે અને મ્યુઝિયમ બ્લોકની મુલાકાત લીધી..

સાગરમાળા કાર્યક્રમ હેઠળ મંત્રાલય લોથલ ખાતે નેશનલ મારિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સના નિર્માણના કાર્યની સમીક્ષા કર્યા બાદ શ્રી સોનોવાલે કહ્યું, આ પ્રોજેક્ટ પ્રવાસનને વેગ આપશે, દરિયાઇ શિક્ષણ માટે એક મંચ પૂરો પાડશે અને સ્થાનિક યુવાનને નોકરીઓ અને કુશળતા વિકાસ માટે નવી તકો આપશે.

--------------

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાતની આ 117મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર,

દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

--------------

## SWAR PLATFORM

25 ડિસેમ્બર સુશાસન દિવસના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના લોકોને ઉપયોગી થાય તે માટે સીએમઓ ની વેબસાઇટ પર "રાઇટ ટુ સીએમઓ" માટે સ્પીચ ટુ ટેકસ્ટ સુવિધાને સજ્જ કરનાર SWAR પ્લેટફોર્મનો શુભારંભ કરાવ્યો.

મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયની ભાષિણી ટીમ સાથે મળીને ભાષાના અવરોધો દૂર કરી ટેક્નોલોજીના ઉપયોગથી આ પ્લેટફોર્મ વિકસાવાયું છે. જેના થકી હવે ગુજરાતના નાગરિકો રાજ્ય સરકારની વેબસાઇટ ઉપર બોલીને પોતાની અરજી કે ફરિયાદ નોંધાવી શકશે.

ઉલ્લેખનીય છે કે ટેક્નોલોજીથી સજ્જ આ પ્લેટફોર્મના માધ્યમનો વધુને વધુ નાગરિકો ઉપયોગ કરીને રાજ્ય સરકાર સુધી પોતાની ફરિયાદ પહોંચાડી શકશે. જે ફરિયાદ નિવારણ પદ્ધતિ અને પ્રતિસાદ પ્રણાલીને સુધારવામાં મદદરૂપ થશે.

---------

## BZ PONZY SCHEME ARREST

BZ પોન્ઝી સ્કીમનો મુખ્ય આરોપી ભુપેન્દ્રસિંહ ઝાલાને આજે ગાંધીનગર કોર્ટમાં રજૂ કરાયો હતો.. કોર્ટે તેને સાત દિવસના રિમાન્ડ આપ્યાં હતા.. રિમાન્ડ મંજૂર થયા બાદ તેને સીઆઇડી ક્રાઇમની ઓફિસે પરત લવાયો હતો..તેના સાત દિવસના રિમાન્ડ દરમિયાન અનેક ખુલાસાઓ થાય તેવી શક્યતા છે..

આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા વિસનગરના દવાડા ગામેથી ઝડપાયા બાદ તેની સીઆઇડી ક્રાઇમે પ્રાથમિક પૂછપરછ કરી હતી..આરોપીની પૂછપરછ અંગેની વધુ વિગતો આપતા  સીઆઇડી ક્રાઇમના ડીઆઈજી પરીક્ષિતા રાઠોડ એ જણાવ્યું હતું કે લોકોના 95 કરોડ રૂપિયા ચૂકવવાના હોવાનું પ્રાથમિક તપાસમાં ખોલ્યું છે.. સીઆઇડી ક્રાઇમ દ્વારા તેઓની મિલકત પણ ટાચમાં લેવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

(બાઇટ પરિક્ષીતા રાઠોડ, ડીઆઇજી, સીઆઇડી ક્રાઇમ)

--------------

## JOSHI- CABS

કેન્દ્ર સરકારે કેબ ઓપરેટરો દ્વારા એન્ડ્રોઇડ અને એપલ ઉપકરણો ઉપર એક જ રૂટ ઉપર અલગ અલગ ભાડુ લેવાના થયેલા આક્ષેપોની સંપૂર્ણ તપાસ કરવા કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળ - CCPA  ને નિર્દેશ આપ્યો છે.

કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોષીએ વધુમાં જણાવ્યું છે કે, CCPA ને કેબ ઉપરાંત ખાદ્ય પદાર્થોની ડિલીવરી તેમજ ઓનલાઇન ટિકીટ બુક કરતી એપ જેવા વિવિધ ક્ષેત્રોમાં ગ્રાહકો પાસેથી લેવાતા નાણાંના માળખાની પણ તપાસ કરવાનો નિર્દેશ અપાયો છે.

CCPA ને આ બધી જ બાબતોની સંપૂર્ણ તપાસ કરીને શક્ય એટલા વહેલા પોતાનો અહેવાલ કેન્દ્ર સરકારને આપવાનો આદેશ અપાયો છે. શ્રી જોષીએ કહ્યું કે, કેન્દ્ર સરકાર ગ્રાહકોના શોષણ સામે કડક પગલાં લેશે.

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

...................................

## AMRELI – TRAFFIC DRIVE

અકસ્માત નિવારણ માટે રાજ્યભરમાં ટ્રાફિક અભિયાન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતની વધતી ઘટનાઓને ધ્યાને

લઇ આર.ટી.ઓ. અને પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું છે, અને માર્ગ અકસ્માતનું કારણ બનતી બસ અને ટ્રકોમાં લાગેલી એલ.ઇ.ડી. લાઇટો દૂર કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે 31 ડિસેમ્બરને લઇને દિવ પાસેથી આવતા વાહનોનું પોલીસ દ્વારા સઘન ચેકીંગ કરાઇ રહ્યું છે.

**(બાઇટ- જે.એ.બાંભણીયા, આરટીઓ, ઇન્સપેક્ટર, અમરેલી)**

--------------

## BHARAT VIKAS YUVA NETA COMPITION

આજે ગાંધીનગર ખાતે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટિચર્સ એજ્યુકેશન ખાતે વિકસિત ભારત યંગ લિડર્સ ડાયલોગ અંતર્ગત રાજ્ય કક્ષાની સ્પર્ધા યોજાઇ હતી.

ભારત સરકારના યુવા બાબતો અને રમત મંત્રાલય એનએસએસ તેમજ માય ભારતના સંયુક્ત ઉપક્રમે યજાયેલી આ સ્પર્ધામાં ગુજરાતભરમાંથી પસંદ કરાયેલા યુવાનોએ ભાગ લીધો હતો. આઇઆઇટીએના કુલપતિ આર સી પટેલ અને ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના એનએસએસના ક્ષેત્રિય નિર્દેશક ડોક્ટર કમલકુમાર કરની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરાયું હતું. જેમાં દસ અલગ અલગ વિષયવસ્તુ સાથે રાજ્યભરના 83 હજાર યુવાનોએ પોતાની વાત રજૂ કરી હતી.

આ સ્પર્ધકોમાં પસંદ થયેલા 45 જેટલા યુવકો દિલ્હીમાં 11 અને 12 જાન્યુઆરીએ યોજાનારા રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025માં ભાગ લેશે, જ્યાં પ્રધાનમંત્રી નરેદ્ર મોદી સમક્ષ તેમને પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવાનો મોકો મળશે.

--------------

## WEATHER

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન ૨ થી ૬ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે. કચ્છમાં છેલ્લા 24 કલાક દરમિયાન એકાએક તાપમાનનો પારો છ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડ્યો છે.

કચ્છના નલિયામાં સામાન્ય રીતે સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નોંધાતું હોય છે, પરંતુ આ વર્ષે લઘુત્તમ તાપમાનનો પારો પાંચ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો હતો 24 કલાક દરમિયાન આ વર્ષનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. ફક્ત 24 જ કલાકમાં નલિયાના લઘુત્તમ તાપમાનનો પારો છ ડિગ્રી સેલ્સિયસ કરતા પણ વધુ ઘટીને ગત રાત્રી દરમિયાન નલિયામાં 4.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

(બાઇટ- રામાશ્રય યાદવ, હવામાન શાસ્રી)

--------------

## SATVIK MELO

પરંપરાગત અને વિસરાતી જતી વાનગીઓને સાત્વિક વાનગી મહોત્સવ આજથી અમદાવાદ ખાતે શરૂ થયો છે. સૃષ્ટિ સંસ્થા દ્વારા 22 માં સાત્ત્વિક વાનગી મહોત્સવનું સોલા સ્થિત ભાગવત વિદ્યાપીઠ પરિસરમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરષોત્તમ રૂપાલાએ ઉદઘાટન કર્યું હતું.. આ મહોત્સવ આજથી લઇને 30મી ડિસેમ્બર સુધી યોજાશે. પ્રસ્તુત છે વિસ્તૃત અહેવાલ....

(વોઇસ કાસ્ટ)

*અમદાવાદ ખાતે આજથી આરંભાયેલા આ સાત્વિક વાનગી મહોત્સવમાં ગરમ વાનગીના કુલ 60 સ્ટોલ છે, જેમાં 400 થી પણ વધારે પારંપરિક વાનગીઓ પીરસવામાં આવશે આ મહોત્સવનો ઉદ્દેશ વીસરાતા જતા અપ્રચલિત અનાજ અને વીસરાતી જતી આપણી પારંપરિક વાનગીઓને લોકભોગ્ય બનાવવાનો છે.*

*શહેરની ગૃહિણીઓ અને ગામડાના ખેડૂતો, ગ્રામીણ SHG ને સ્ટોલ આપવામાં આવ્યા છે. ગુજરાત ઉપરાંત અન્ય આઠ રાજ્યોમાંથી પ્રાદેશિક વાનગીઓના સ્ટોલ છે, આ મહોત્સવમાં 90 અધિકૃત ખેડૂતો પોતાની ઓર્ગેનિક ખેત પેદાશો વેચવા માટે આવશે. જેમાં ઓર્ગેનિક સિંગતેલ, સીંગદાણા, કચરિયું, આમળા, મિલેટ, કઠોળ, મસાલા, વન્ય પેદાશો સહિત 150થી વધારે ઉત્પાદનો ખેડુતો દ્વારા સીધું ગ્રાહકોને વેચાણ થશે.*

*અહીં બાળકો માટે અનેક રચનાત્મક પ્રવૃતિઓનું આયોજન હાથ ધર્યું છે. જેમાં વિવિધ ક્રાફટ, સુથારીકામ, ઝાડુ બનાવવું, પેપર વર્ક, ચિત્ર કામ, ગીત સંગીત, કુંભારી કામ, દેશી રમતો, સાપ સીડી, ક્વિઝ, ઈનોવેશન પ્રદર્શન, બાળકોના મૌલિક વિચારોની હરીફાઈ જેવી અનેક પ્રવૃતિઓનું આયોજન હાથ ધર્યું છે.*

*અહીં રવિવારે સાંજે 6 વાગે રામાયણ ઉપર એક નાટકનું આયોજન કર્યું છે. જે હનુમાન અને સીતામાતા વચ્ચેના પ્રસંગો ઉપર આધારિત છે.*

*આકાશવાણી સમાચાર અમદાવાદ*

--------------

## NEWS IN BRIEF

હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

- બીજેપીના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં સંગઠન પર્વની કાર્યશાળા યોજાઇ.
- મહેસાણાની દૂધસાગર ડેરી કાતે મહિલા જાગૃતિ અભિયાન અંતર્ગત દૂધ દિવસની ઉજવણી કરાઇ, જેમાં ખેરાલુ, સતલાસણા અને વડનગરના પશુપાલકોને ડેરી દ્વારા થયેલા સુધારા અને લાભોથી માહિતગાર કરાયા.
- વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને વ્યવહારુ અનુભવને વધારવા માટે ભારતીય માનક બ્યુરો, અમદાવાદ દ્વારા પંચમહાલ જિલ્લાની સાત શાળાઓના સ્ટાન્ડર્ડ ક્લબના 170 વિદ્યાર્થીઓ માટે મારૂતિ કોટ્સુ સિલિન્ડર લિમિટેડ અને હાલોલની એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું.
- કચ્છનામાધાપર ખાતે પ્રથમ અખિલ ગુજરાત મનો દિવ્યાંગ ક્રિકેટ ચેમ્પિયનશીપ 2024 યોજાઇ, જેમાં સમગ્ર રાજ્યમાંથી આણઁદ, ભાવનગર, દાહોદ, બનાસકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ સહિત કુલ 8 જિલ્લાઓની ટીમોએ ભાગ લોધી હતો.
- અને ક્રિસમસના મીની વેકેશનને લઇ યાત્રાધામ સોમનાથ અને સાસણગીરમાં યાત્રિકોનો પ્રવાહ ઉમટી પડ્યો, તો જગતમંદિર દ્વારકામાં પણ અત્યાર સુધીમાં 6 લાખ 50 હજાર જેટલા શ્રદ્ધાળુઓએ દર્શન કરી ધન્યતા અનુભવી.

-------------